# દિલ સે...

**આપનો રોલ મોડેલ (આદર્શ)...**
મારા પિતા.

**કઈ ચીજનો સૌથી વધુ ડર લાગે છે?...**
ભ્રષ્ટાચારનો.

**જોયેલું ખરાબ સ્વપ્ન...**
ન્યૂઝ વાંચવા સ્ટુડિયો પર મોડી પહોંચી હતી.

**છેલ્લે ક્યારે સૌથી વધુ ખુશ થયા હતા?...**
મારો દીકરો અમેરિકાથી આવ્યો ત્યારે.

**ઘેલછા કહી શકાય તેવો શોખ...**
વાંચન અને ટીચીંગ.

**કોઈ વહેમ ખરો?...**
કોઈ નહીં.

**ઈર્ષા આવે એવું કોઈનું નસીબ...**
જેનું વાંચન સારું હોય એનું.

**અન્યના વ્યક્તિત્વની કઈ ખામી ખટકે?...**
સાચુ બોલવાની આદત અને કામ પ્રત્યેની નિષ્ઠા.

**દેશ વિશે શું વિચારો છો?...**
દેશમાં ઘણા સુધારાની જરૂર છે.

**આપની દૃષ્ટિએ પ્રેમ એટલે...**
એક બીજાની ખામી સાથેનો સ્વીકાર.

**આપની દૃષ્ટિએ લગ્ન એટલે...**
અનુકૂલન અને વ્યક્તિત્વનો સ્વીકાર.

**પુનર્જન્મ કન્ફર્મ કરવાનો હોય તો શું બનવા માગો?...**
સિંગર.

**આપની સફળતાનું રહસ્ય?...**
મહેનત.

**આપ અન્ય લોકોને આપવા ઈચ્છતા હો તેવો સંદેશ એક વાક્યમાં જણાવો...**
પ્રામાણિક બનો.

**મનપસંદ ગાડી...**
મારૂતિ ઝેન.

**મનપસંદ અભિનેતા...**
કમલ હસન.

**મનપસંદ અભિનેત્રી...**
રેખા.

**મનપસંદ ફિલ્મ...**
લાઈફ ઈઝ બ્યુટીફૂલ (અંગ્રેજી ફિલ્મ).

**મનપસંદ રાજકારણી...**
રાજીવ ગાંધી.

**ગમતો કોમેડિયન...**
પરેશ રાવલ.

**મનપસંદ ટીવી કાર્યક્રમ...**
સજન રે જૂઠ મત બોલો.

**મનપસંદ કમર્શિયલ જાહેરખબર...**
ICICIની જીતે રહો.



**વર્ષા દેસાઈ**
પૂર્વ ન્યૂઝરીડર

**વર્ષા દેસાઈ ૧૯૭૭થી ૧૯૮૭ સુધી દૂરદર્શનના ન્યૂઝરીડર રહી ચૂક્યા છે, તેમ જ એક શિક્ષક તરીકે પણ ફરજ બજાવી રહ્યા છે. તેઓ સારા ઉદ્‌ઘોષક પણ છે.**

**નવું ગમતું ગીત...**
તેરા હોને લગાહું (અજબ પ્રેમ કી ગજબ કહાની).

**છેલ્લી ખરીદી...**
સોનું.

**તમારા વિશે એક વાક્યમાં તમારો અભિપ્રાય શું હોઈ શકે?...**
ઈશ્વરમાં શ્રદ્ધા રાખનાર, મહેનતુ અને પ્રામાણિક વ્યક્તિ.

**તમે આ ક્ષેત્રમાં ન હોત તો ક્યા ક્ષેત્રમાં હોત?...**
મીડિયામાં હોત.

**ઘરની બહાર નીકળો ત્યારે અનિવાર્યપણે તમારી પાસે હોય તેવી ચીજ?...**
પર્સ.

**એક ચોરી માફ કરવામાં આવે તો શું ચોરવું પસંદ કરો?...**
મનગમતા પુસ્તકો.

**સૌથી વધુ ગુસ્સે ક્યારે થાવ છો?...**
કોઈ મારી સામે જૂઠુ બોલે ત્યારે.

**જીવન પાસે પૂરી કરાવવા ઈચ્છતા હો તેવી ઈચ્છા...**
એક શિક્ષક બનીને સારા નાગરિકો તૈયાર કરવાની.

**માસ્ક પાર્ટીમાં ક્યો માસ્ક પહેરવાનું પસંદ કરો?...**
બાર્બીડૉલ.

**તમારી જિંદગીને એક વાક્યમાં વર્ણવવી હોય તો...**
શિક્ષક તરીકે હું સફળ છું.

**જૂઠું ક્યારે બોલો છો?...**
કોઈ વિદ્યાર્થીનું પરિણામ નબળું આવ્યું હોય અને સારું આવે એ માટે વિદ્યાર્થી સાથે.

**અત્યારે કયું પુસ્તક વાંચો છો?...**
શ્રીમદ દેવી ભાગવત.

**ગમતા ગુજરાતી લેખક-કવિ...**
ચંદ્રકાંત બક્ષી, સુરેશ દલાલ.

**એક વ્યક્તિ જેણે પ્રથમ મુલાકાતમાં જ તમારા પર પ્રભાવ પાડ્યો હોય...**
દિપેશ દેસાઈ (સંગીતકાર).

**જીવનમાં કોઈ એક ભૂલ સ્વીકારવાની હોય તો...**
ગુસ્સે થવાની ભૂલ થઈ જાય છે.